૩. **વલણ માપક :** વિદ્યાર્થીઓના હોમવર્ક પ્રત્યેના વલણ અને અભિગમ માપવા માટે Likert પ્રકારની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો.

૪. **અવલોકન કસોટી:** શિક્ષકોએ વર્ગખંડમાં વિદ્યાર્થીઓનું વર્તન, અભિગમ અને માનસિક સ્થિતિ નોંધવા માટે ચેકલિસ્ટ ભર્યું.

➤ **માહિતીનું એકત્રીકરણ :**

૧. **પ્રશ્નાવલિ :** વિદ્યાર્થીઓ માટે સરળ ભાષામાં પ્રશ્નાવલી તૈયાર કરી.

૨. **અવલોકન:** વર્ગખંડ અને શાળા પરિસરમાં વિદ્યાર્થીઓનું વર્તન નિરીક્ષણ કરવું.

૩. **મુલાકાત:** પસંદ કરેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વ્યકિતગત મુલાકાત.

૪. **ડેટા નોંધપોથી:** શાળા દ્વારા રજીસ્ટર્ડ હોમવર્ક રેકોર્ડ અને હાજરી સૂચીની સમીક્ષા. આથી ચોક્કસ ઓળખ મળી કે કયા વિદ્યાર્થીઓ નિયમિત હોમવર્ક નથી લાવતા.

**વાણી બતાવી દે છે**
**કે સ્વભાવ કેવો છે,**
**દલીલ બતાવી દે છે**
**કે સ્વભાવ કેવો છે,**
**દલીલ બતાવી દે છે**
**કે જ્ઞાન કેવું છે!!**

➤ **માહિતીનું પૃથક્કરણ :**

૧. **વિદ્યાર્થી આધારિત પૃથક્કરણ :** દરેક વિદ્યાર્થીની માહિતી અલગ ગોઠવી ખાસ કરીને જે નિયમિત હોમવર્ક નથી લાવતા.

૨. **પ્રશ્નાવલી આધારિત પૃથક્કરણ :** પ્રશ્નાવલીમાંથી પ્રાપ્ત માહિતીના મુખ્ય મુદ્દાઓ પ્રમાણે વર્ગીકૃત.

૩. **અવલોકન આધારિત પૃથક્કરણ :** વર્ગખંડમાં વિદ્યાર્થીઓના વર્તનના અવલોકનને શ્રેણીઓમાં ગોઠવવા.

૪. **મુલાકાત / ઈન્ટરવ્યુ આધારિત પૃથક્કરણ:** પસંદ કરેલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા પિતાની મુલાકાતથી મળેલી માહિતી વિષયવાર વર્ગીકૃત

➤ **માહિતીના પરિણામો :**

૧. હોમવર્ક ન લાવવાના મુખ્ય કારણ  ૨. માનસિક અસરો  ૩. અભ્યાસ પર અસર

➤ **માહિતીના તારણો :**

૧. હોમવર્ક ન લાવવાના મુખ્ય કારણ : સમયની પૂરતી યોજના ન હોવી.  ૨. માનસિક અસરો
૩. અભ્યાસ પર અસર  ૪. શિક્ષક અને માતા પિતાના અવલોકન

➤ **માહિતીના અવલોકન :**

૧. વિદ્યાર્થી વર્તન  ૨. માનસિક લક્ષણો  ૩. સામાજિક વર્તન
૪. શિક્ષક અવલોકન  ૫. પરિવાર પ્રત્યેના પ્રતિક્રિયા

---



# વિષય : ધો. ૮ ના વિદ્યાર્થીઓમાં ડૉ. ભીમરાવ આંબેડકરના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.

**અદિતિબેન જોરાવિયા**
(મ.શિક્ષક- ઉ.પ્રા. વિ.)

➤ **પ્રસ્તાવના :** ડૉ. ભીમરાવ આંબેડકર ભારતનાં મહાન સમાજ સુધારક અને બંધારણનાં શિલ્પી તરીકે ઓળખાય છે. તેમણે જીવનભર શોષિત, પીડિત અને વંચિત વર્ગનાં સમાજ માટે મદદરૂપ રહ્યાં. તેમના માટે શિક્ષણ માત્ર સાધન ના હતું. પરંતુ તે સામાજીક સમાનતા અને મુકિત તરફ લઇ જતો માર્ગ હતો.

આંબેડકર ના શૈક્ષણિક વિચારો આજે પણ શિક્ષણતંત્રમાં સ્પષ્ટપણે દેખાય છે, જેમ કે શૈક્ષણિક આક્ષરણ, મફત અને ફરજીયાત શિક્ષણ, મહિલા શિક્ષણને પ્રોત્સાહન, અને સમાવેશી શિક્ષણની નીતિઓ. તેમણે શિક્ષણને દરેક વ્યકિત માટે ઉપલબ્ધ અને સમાન બનાવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

➤ **આજના શિક્ષણ પર તેમના વિચારોનો પ્રભાવ**

૧. શિક્ષણનો અધિકાર કાયદો (RTE)  ૨. સમાવેશી શિક્ષણ
૩. શૈક્ષણિક આરક્ષણ ની નીતિ  ૪. મહિલા શિક્ષણ ને પ્રોત્સાહન

**સમયનો સદ્ઉપયોગ એજ સાચી સમજદારી**

➤ **શબ્દોનું અર્થઘટન**

- શૈક્ષણિક વિચારો (શિક્ષણ સંબંધિત વિચારો) : એ વિચારો કે જે શિક્ષણના માધ્યમથી વ્યકિત અને સમાજના વિકાસ માટે માર્ગદર્શન આપે. જેમ કે - શિક્ષણ દ્વારા સમાનતા, સ્વતંત્રતા અને આત્મસન્માન પ્રાપ્ત કરવો.